# ગુજરાતી

## ૪ હું જાણું ...

- 'હું જાણું'... આ વિભાગમાં વિદ્યાર્થી પોતાનો પરિચય, વ્યવસાયકારો, પ્રાણી, પક્ષી, તહેવાર અને ફળ જેવી બાબતોથી પરિચિત થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે યોગ્ય જોડકાં જોડવાં, યોગ્ય વિભાગમાં વહેંચણી કરવી, સ્વતંત્ર લેખન જેવી પ્રવૃત્તિ આપવામાં આવી છે. શિક્ષકે જરૂર જણાય ત્યાં વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન આપવું.

**પ્રશ્ન-૧ પોતાનો પરિચય પૂર્ણ કરો.**

મારું નામ ____________ છે. હું ધોરણ ________ માં ભણું છું.

મારા ગામનું નામ ____________ છે. મારી માતા / મમ્મીનું નામ ____________

છે. મારા શિક્ષકનું નામ ____________ છે.

**પ્રશ્ન-૨ યોગ્ય જોડકાં જોડો.**

| | |
|---|---|
| (૧) હું ખેતી કરું છું. | સોની |
| (૨) હું કપડાં સીવું છું. | કડિયો |
| (૩) હું ઘરેણાં બનાવું છું. | ખેડૂત |
| (૪) હું ચંપલ બનાવું છું. | દરજી |
| (૫) હું મકાન ચણું છું. | મોચી |

**પ્રશ્ન-૩ તમારા વર્ગખંડમાં આવેલ કોઈપણ પાંચ વસ્તુઓનાં નામ લખો.**

(૧) ____________ (૪) ____________

(૨) ____________ (૫) ____________

(૩) ____________

**પ્રશ્ન-૪ તમને ગમતાં પ્રાણી વિશે ત્રણ વાક્યો લખો.**

**પ્રશ્ન-૫ નીચેનાં નામ વાંચી યોગ્ય જૂથમાં વહેંચણી કરો.**

(મોર, ગાય, ચકલી, બળદ, પોપટ, ઊંટ, કોયલ, ઘેટું)

| પ્રાણી | પક્ષી |
|---|---|
| | |

**પ્રશ્ન-૬ નામ વાંચી યોગ્ય જૂથમાં વહેંચણી કરો.**

(રક્ષાબંધન, સુથાર, નાતાલ, કડિયો, મોચી, હોળી, ઉત્તરાયણ, સોની, ઈદ)

| તહેવાર | કારીગર |
|---|---|
| | |

**પ્રશ્ન-૭ બીજાથી અલગ છે તેના ઉપર ◯ કરો.**

(૧) સફરજન, ચીકુ, ભીંડા, જામફળ, તરબૂચ, જાંબુ, બટેટા, કેરી, સીતાફળ, બોર

(૨) બસ, ઊંટ, કાર, ખટારો, સાઈકલ, ઘોડો, સ્કૂટર, છકડો, રીક્ષા, વિમાન

(૩) ગુલાબ, ગલગોટો, કમળ, કેળું, બારમાસી, જાસૂદ, કરેણ, કેરી, ચંપો

(૪) રીંગણ, ગાજર, બટાકા, મૂળા, પેન્સિલ, કોબીજ, ભીંડા, દૂધી, ટામેટાં, કંપાસ

(૫) લાડું, પેંડા, દ્રાક્ષ, બરફી, મોહનથાળ, ગુલાબજાંબુ, કોપરાપાક, જલેબી, મરચાં, સૂતરફેણી

**પ્રશ્ન-૮ વ્યવસાયકારોના ફોટો ચોંટાડો.**

| | |
|---|---|
| | |
| | |

# ગણિત

## ૬ માપન

- આ એકમ માટે વિદ્યાર્થીઓને વેંત, હાથની લંબાઈ, પગનો પંજો વગેરે જેવા બિન એકરૂપ પરિણામની મદદથી નાની લંબાઈનો અંદાજ કાઢવાનું અને માપ કાઢવાનું આવડતું હોવું જોઈએ. જેથી જરૂર જણાય તો આ બાબતે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવું. સાથે સાથે પેન્સિલ, બોલપેન, લાકડી જેવી અપ્રમાણિત વસ્તુના ઉપયોગ દ્વારા લંબાઈ માપવાનો ખ્યાલ પણ જરૂર જણાય તો સ્પષ્ટ કરવો.
- ચમચી, કપ, ડોલ જેવા અપ્રમાણિત પાત્રો દ્વારા આપેલ પાત્રની ગુંજાશનો અંદાજ કાઢવાનું અને તેનું માપન કરવા માટેની સંકલ્પનાઓનું પણ જરૂર પડે તો સ્પષ્ટીકરણ કરવું.
- અઠવાડિયાના દિવસો, ગુજરાતી મહિના અને અંગ્રેજી મહિના તેમજ તેના દિવસો વિશે વિદ્યાર્થીઓને જરૂરી પુનરાવર્તન કરાવવું.
- આ એકમમાં વિદ્યાર્થીઓ દ્વારા જે વિગતો લખાય તે ચકાસી માપન સંબંધિત સંકલ્પનાઓમાં જે વિદ્યાર્થીઓને જ્યાં જરૂર જણાય ત્યાં વધુ માર્ગદર્શન આપવું.
- આ એકમની સંકલ્પનાઓ વિદ્યાર્થીઓમાં સ્પષ્ટ હશે તો તેમને લાંબુ અને ટૂંકું, સમય વહી જાય છે, જગ અને મગ વગેરે એકમો શીખવામાં સરળતા રહેશે.

### • લંબાઈનું માપન

**પ્રશ્ન-૧ લંબાઈ માપો.**

(૧) તમારી વેંત વડે બારી, ટેબલ, તમારા પગ અને દફતરની લંબાઈ માપો.

બારી ____________ વેંત    ટેબલ ____________ વેંત

પગ ____________ વેંત    દફતર ____________ વેંત

(૨) દસ વેંતથી ઓછી લંબાઈ હોય તેની સામે (√) કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| બેટ | ☐ | દફતર | ☐ | શેતરંજી | ☐ |
| બારણું | ☐ | ટી.વી. | ☐ | ઢોલક | ☐ |

(૩) તમારા વર્ગની લંબાઈ ____________ ડગલાં અને ____________ પગલાં છે.

(૪) તમારા મિત્રની ઊંચાઈ, પેન્સિલ, બોલપેન અને લાકડી વડે માપો. દરેકની સંખ્યા કેટલી થાય તે લખો.





__________ ની ઊંચાઈ = ☐ પેન્સિલ

(મિત્રનું નામ)

= ☐ બોલપેન

= ☐ લાકડી

- **ગુંજાશનું માપન**

**પ્રશ્ન-૨ અનુમાન કરી કહો કે પાણીથી ડોલ ભરવા માટે નીચે આપેલા પાત્રો કેટલાં કેટલાં રેડવા પડે ?**



__________ બોટલ 

__________ પ્યાલા 

__________ વાટકી 

__________ જગ 

**પ્રશ્ન-૩ તમે કહો. (વિદ્યાર્થી ઘરેથી માહિતી મેળવી નોંધશે)**

- તમે દરરોજ કેટલા પ્યાલા પાણી પીવો છો ? __________
- તમારા ઘરે ન્હાવા માટે દરરોજ કેટલી ડોલ પાણી વપરાય છે ? __________
- વાસણ ધોવા કેટલી ડોલ પાણી વપરાય છે ? __________

## • સમયનું માપન

**પ્રશ્ન-૪ સાત વારના નામ ક્રમમાં લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | રવિવાર | (૧) | બુધવાર | (૧) | શનિવાર |
| (૨) | | (૨) | | (૨) | |
| (૩) | | (૩) | | (૩) | |
| (૪) | | (૪) | | (૪) | |
| (૫) | | (૫) | | (૫) | |
| (૬) | | (૬) | | (૬) | |
| (૭) | | (૭) | | (૭) | |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) સોમવારના બે દિવસ પછી કયો વાર આવશે ? ____________________

(૨) મંગળવાર પછી કયો વાર આવે ? ____________________

(૩) શનિવાર પહેલા કયો વાર આવે ? ____________________

(૪) એક અઠવાડિયામાં કુલ કેટલા દિવસ આવે ? ____________________

(૫) શુક્રવાર પહેલા કયો વાર આવે ? ____________________

પ્રશ્ન-૬ ગુજરાતી માસના નામ ક્રમમાં લખો.

| | | | |
|---|---|---|---|
| (૧) | કારતક | (૧) | ચૈત્ર |
| (૨) | | (૨) | |
| (૩) | | (૩) | |
| (૪) | | (૪) | |
| (૫) | | (૫) | |
| (૬) | | (૬) | |
| (૭) | | (૭) | |
| (૮) | | (૮) | |
| (૯) | | (૯) | |
| (૧૦) | | (૧૦) | |
| (૧૧) | | (૧૧) | |
| (૧૨) | | (૧૨) | |

**પ્રશ્ન-૭ અંગ્રેજી માસના નામ ક્રમમાં લખો.**

| | | | |
|---|---|---|---|
| (૧) | જાન્યુઆરી | (૧) | જુલાઈ |
| (૨) | | (૨) | |
| (૩) | | (૩) | |
| (૪) | | (૪) | |
| (૫) | | (૫) | |
| (૬) | | (૬) | |
| (૭) | | (૭) | |
| (૮) | | (૮) | |
| (૯) | | (૯) | |
| (૧૦) | | (૧૦) | |
| (૧૧) | | (૧૧) | |
| (૧૨) | | (૧૨) | |

**પ્રશ્ન-૮ નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) ગુજરાતી માસમાં પહેલો માસ કયો આવે છે ? ____________________

(૨) ફાગણ માસ પછી કયો માસ આવે છે ? ____________________

(૩) સૌથી વધારે ગરમી કયા અંગ્રેજી માસમાં પડે છે ? ____________________

(૪) હોળી કયા ગુજરાતી માસમાં આવે છે ? ____________________

(૫) ગુજરાતી માસનો છેલ્લો માસ કયો આવે ? ____________

(૬) દિવાળી કયા ગુજરાતી માસમાં આવે છે ? ____________

(૭) મે મહિના પછી કયો માસ આવે છે ? ____________

(૮) શ્રાવણ માસ પહેલા કયો માસ આવે ? ____________

(૯) મહા માસ પછી કયો માસ આવે છે ? ____________

(૧૦) આસો માસ પહેલા કયો માસ આવે છે ? ____________

(૧૧) અંગ્રેજી માસમાં પહેલો માસ કયો આવે છે ? ____________

(૧૨) ઉત્તરાયણ કયાં અંગ્રેજી માસમાં આવે છે ? ____________

(૧૩) એપ્રિલ મહિના પછી કયો મહિનો આવે છે ? ____________

(૧૪) કયા અંગ્રેજી માસમાં સૌથી વધુ ઠંડી પડે છે ? ____________

(૧૫) અંગ્રેજી માસમાં છેલ્લો માસ કયો આવે છે ? ____________

(૧૬) અંગ્રેજી માસનો પાંચમો માસ કયો આવે છે ? ____________

(૧૭) નાતાલ કયાં અંગ્રેજી માસમાં આવે છે ? ____________

(૧૮) અંગ્રેજી મહિનાનો ત્રીજો મહિનો કયો હોય છે ? ____________

(૧૯) નવરાત્રીનો તહેવાર કયા ગુજરાતી માસમાં આવે છે ? ____________

(૨૦) અંગ્રેજી માસના કુલ કેટલા માસ હોય છે ? ____________